# યુનિટ-1.હિસાબી ખ્યાલો, સિધ્ધાંતો અને અનુમાનો

કેટલીક એવી ધારણાઓ કે ખ્યાલો છે જેના પર હિસાબો આધારિત હોય છે. એકાઉન્ટિંગ એ વ્યવસાયની ભાષા છે. વ્યાપારી પેઢીઓ તેમની ધંધાકીય બાબતો અને નાણાકીય સ્થિતિ બહારના લોકોને હિસાબોના માધ્યમ દ્વારા જાહેર કરે છે, હિસાબો કે નામું એ વ્યવસાયની એવી ભાષા છે કે જે નાણાકીય નિવેદનોના સ્વરૂપમાં જોવા મળે છે. જેમ તમામ રસ ધરાવતા પક્ષોને સમાન અર્થ પહોંચાડવા માટે ભાષા જરૂરી છે,તેમ હિસાબી માહિતી સમાન રીતે રજૂ કરવા માટે અનેક હિસાબી ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે. જેને તમામ ધંધાકીય પેઢીઓ અનુસરવાનો પ્રયાસ કરે છે. આવી હિસાબી ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતોનો ઉપયોગ કરવાથી લોકો દ્વારા હિસાબો સરળતાથી સમજી શકાય છે.આ ખ્યાલોની કોઈ અધિકૃત યાદી નથી પરંતુ નીચે આપેલા કેટલીક હિસાબી ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતોનો એકાઉન્ટિંગમાં ખૂબ લોકપ્રિય છે:

**1. નાણાકીય માપનો ખ્યાલ:((Money Measurement Concept)-** આ ખ્યાલ એવું સૂચન કરે છે કે ફક્ત તેવા જ આર્થિક વ્યવહારો, કે જે નાણામાં રજૂ કરી શકાય છે, તેને જ હિસાબોમાં નોંધવામાં આવે છે.જો કે તેની સાથે તેનો જથ્થાત્મક રેકોર્ડ પણ દર્શાવી શકાય છે. અર્થાત તમામ વ્યવસાયિક વ્યવહારો કે જે ફક્ત નાણાના માપમાં રજૂ કરી શકાય તેને જ હિસાબોમાં નોંધવા જોઈએ.

Prof. Dharmendra A Patel, Shree V P Patel Commerce College, Ahmedabad

આમ એવા વ્યવહારો, જે નાણાંમાં વ્યક્ત કરી શકાતા નથી, તેને હિસાબી ચોપડામાં નોંધવામાં આવશે નહીં દા.ત, મજૂર-વ્યવસાય વચ્ચેના સંબંધો, વેચાણ નીતિ, મજૂર અશાંતિ, હરીફાઇની અસરકારકતા વગેરે, જેવી બાબતો કોઇ પણ વ્યવસાય માટે ખૂબજ મહત્વપૂર્ણ છે, પણ તે નાણામાં રજૂ કરી શકાતી નથી તેથી તેને હિસાબોમાં સ્થાન મળતું નથી. આ ખ્યાલની બીજી મર્યાદા એ છે કે તેમાં એવી ધારણા કરવામાં આવે છે કે નાણાંનું મૂલ્ય સ્થિર છે. તે હકીકતની વિરુદ્ધ છે કારણ કે પૈસાના મૂલ્યમાં ફૂગાવાને કારણે સતત ઘટાડો થતો હોય છે. દાખલા તરીકે, 1980માં રૂ. 10,000માં ખરીદવામાં આવેલી જમીનની કિંમત 2023માં અનેક ગણી થઈ શકે છે. આનું કારણ નાણાંની કિંમતમાં ઘટાડો છે

**2.અલગ ધંધાકીય અસ્તિત્વનો ખ્યાલ:( Business Entity Concept :)** આ ખ્યાલ મુજબ ધંધા કે વ્યવસાયને માલિકથી અલગ ગણવામાં આવે છે. આ ખ્યાલ એવું સૂચવે છે કે ધંધા કે વ્યવસાય તેને મૂડી પૂરી પાડનાર વ્યક્તિઓથી અલગ છે.તેથી જ મૂડીને ધંધાની જવાબદારી તરીકે દર્શાવાય છે. ધંધા કે વ્યવસાયના સાથેના માલિકના તમામ વ્યવહારો પેઢીના ચોપડામાં નોંધાવામાં આવે છે. ધંધાના માલિકને તેની મૂડીના અનુસંધાનમાં ધંધાના લેણદાર તરીકે ગણવામાં આવે છે. આમ મૂડી એ પેઢીની જવાબદારી છે અને માલિક એ ધંધાના લેણદાર છે. માલિકો-એટલે કે વેપારી, ભાગીદારી પેઢીના ભાગીદારો વગેરે ધંધા કે વ્યવસાયમાંથી રકમ ઉપાડી શકે છે અને આ રીતે પેઢીની જવાબદારી ઘટાડે છે.આ ખ્યાલને કારણે, ધંધાની નાણાકીય સ્થિતિ સરળતાથી શોધી શકાય છે અને પેઢીની કમાણી ક્ષમતા સરળતાથી જાણી શકાય છે.

Prof. Dharmendra A Patel, Shree N P Patel Commerce College Ahmedabad

**3.ચાલુ પેઢીનો ખ્યાલ (Going Concern Concept:)** આ ખ્યાલ ધંધો કે પેઢી લાંબા સમય સુધી ચાલુ રહેવાના છે તે ધારણા સાથે સંબંધિત છે. તમામ આર્થિક વ્યવહારો નોંધતી વખતે ધંધો લાંબા સમય ગાળા માટે ચાલુ રાખવાનો છે તેવી ધારણા કરવામાં આવે છે. આમ આ ધારણા હેઠળ સ્થિર મિલકતો તેની મૂળ કે પડતર કિંમતે ચોપડામાં નોંધવામાં આવે છે નહિં કે બજાર કિંમતે.તેવીજ રીતે ઘસારો ગણવામાં આવે છે ત્યારે પણ આ ધારણા કરેલી હોય છે. વાર્ષિક હિસાબો તૈયાર કરતી વખતે, ધંધો ચાલુ રહેશે તેવી ધારણા સાથે ચૂકવવાના બાકી ખર્ચ અને અગાઉથી ચૂકવેલ ખર્ચની નોંધ રાખવામાં આવે છે.તેમજ મૂડી ખર્ચો ટુકડે ટુકડે માંડીવાળવા પાછળ પણ ચાલુ પેઢીનો ખ્યાલ ધ્યાનમાં લેવાય છે.

**આ ખ્યાલની મુખ્ય ધારણાઓ-**

- આ ખ્યાલ મુજબ વ્યવસાય કે પેઢી ચાલુ રહેવાની છે અને ભવિષ્ય માટે તેની કામગીરી રાખવાની.
- ધંધો બંધ કરવાનો કોઈ ઈરાદો નથી,તેની વ્યાપારી પ્રવૃત્તિઓને ઘટાડવાની કોઈ આવશ્યકતા નથી.
- જ્યાં સુધી તે કાયદા દ્વારા ફરજીયાત ન હોય ત્યાં સુધી ધંધાનું વિસર્જન કરવાનું નથી.
- મૂડી ખર્ચ ધંધાને લાંબા ગાળાનો લાભ આપે છે તેથી ભવિષ્યના વર્ષોમાં માંડી વાળવામાં આવે છે અને મહેસૂલી ખર્ચનો લાભ એ જ એકાઉન્ટિંગ વર્ષમાં લેવામાં આવે છે તેથી તે દર વર્ષ માંડી વાળવામાં આવે છે.તેની સાથે પણ આ ખ્યાલ સંકળાયેલ છે. દા.ત, જો સ્થિર મિલકતખરીદવામાં આવે છે, તો તેની કિંમત તેના ઉપયોગી આયુષ્ય મુજબ પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે તેની કુલ કિંમતને ખરીદીના વર્ષમાં ખર્ચ તરીકે માંડીવાળવામાં આવતી નથી.

**4.હિસાબી મુદતનો ખ્યાલ (Accounting Period Concept)-** કોઈપણ વ્યવસાય કે ધંધામાં એકાઉન્ટિંગ એ સતત પ્રક્રિયા છે. પરંતુ દરેક બિઝનેસમેન તેના રોકાણ અને વારંવારના સમયાંતરે કરેલા પ્રયત્નોનું પરિણામ જાણવા ઇચ્છે છે. આ માટે તેણે હિસાબી પરિણામ માપવા માટે ચોક્કસ સમય નક્કી કરવો પડે છે જેને હિસાબી મુદત કહે છે.સામાન્ય રીતે એક વર્ષના સમયગાળાને હિસાબી મુદત તરીકે સ્વીકારવામાં આવેલ છે. જો કે ઘણા ધંધાકીય એકમો સ્વૈચ્છિક રીતે 3 મહિને, 6 મહિને અથવા 9 મહિને પણ નફો શોધતા હોય છે. પરંતુ એક વર્ષને અંતે કાયદાકીય રીતે ફરજીયાત હિસાબો તૈયાર કરવા પડે છે.આ એક વર્ષના સમયગાળાને હિસાબી મુદત કહેવામાં આવે છે.

હિસાબી મુદતના અંતિમ દિવસને હિસાબી તારીખ તરીકે ઓળખવામાં આવે છે. આ તારીખે ધંધાના નફા-નુકસાનના પત્રકો અને પાકુ સરવૈયું અર્થાત વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે છે. દર વર્ષે તૈયાર કરવામાં આવેલ નાણાકીય અહેવાલોની સરખામણી કરીને યોગ્ય નીર્ણયો અને સુધારાત્મક પગલાં લઇ શકાય છે.ધંધાના વિસ્તરણની યોજના બનાવી શકાય છે. તેવી જ રીતે નિશ્ચિત હિસાબી મુદતને અંતે દર વર્ષે તૈયાર કરવામાં આવતા હિસાબો બહારના લોકોને વિવિધ તારણો કાઢવામાં મદદ કરે છે.

**5.પડતરનો ખ્યાલ (Cost Concept)-**આ ખ્યાલ મુજબ મિલકતો હિસાબી ચોપડામાં જે ભાવે ખરીદવામાં આવી હોય તે ભાવે નોંધવામાં આવે છે. મિલકતો હસ્તગત કરવા માટે ચૂકવવામાં આવતી કિંમતને પડતર તરીકે ઓળખવામાં આવે છે અને આ જ કિંમત મિલકત માટેની તમામ સંબંધિત હિસાબી નોંધ માટેનો આધાર બને છે.દા.ત, કે જ્યારે કોઈ સંપત્તિ 5,000 રૂપિયામાં ખરીદવામાં આવે છે, ત્યારે તે હિસાબી ચોપડામાં 5,000 રૂપિયામાં નોંધવામાં આવે છે, ભલે બજાર કિંમત અલગ હોય. તેમજ પાકા સરવૈયામાં દર વર્ષે પડતર કિંમત પર ઘસારો ગણીને બાદ કરીને દર્શાવાય છે.આ કિંમતને ચોપડે મૂલ્ય કહેવામાં આવે છે. જો ધંધા માટે મેળવેલ મિલકત અંગે કંઈ રકમ ચૂકવેલ ન હોય, તો તે હિસબોમાં મિલકત તરીકે દર્શાવાતી નથી દા.ત, પાઘડી. આ ખ્યાલ મુજબ જેની કોઈ પડતર નથી તેવી બાબતો ચોપડે દર્શાવાતી નથી. ઉદાહરણ તરીકે, ગ્રાહકો સાથે સારી પ્રતિષ્ઠા, બજારની સ્થિતિ વગેરે.

Prof. Dharmendra A Patel, Shree K.P Patel Commerce College, Ahmedabad

એક વર્ષનો હિસાબી સમયગાળો કાયદા દ્વારા માન્ય છે અને કરવેરાનું વાર્ષિક મૂલ્યાંકન પણ દર વર્ષે કરવામાં આવે છે. આ હિસાબી સમયગાળા પર બહારના લોકોને અહેવાલો આપવામાં આવે છે.

**6.બેવડી અસરનો (દ્વિનોંધ) ખ્યાલ-(Dual Aspect Concept OR Accounting Equation Concept)-**આ ખ્યાલ દર્શાવે છે કે દરેક આર્થિક વ્યવહારની હિસાબોમાં બે અસરો થાય છે:(a) ઉધાર અને(b) જમા.મૂલ્યના વિનિમય સાથે, બે ખાતાઓ સંકળાયેલ હોય છે.જેટલી રકમની અસર એક ખાતામાં ઉધાર થાય, તેટલી જ રકમની અસર બીજા ખાતામાં જમા થાય છે. દા.ત, પેઢી રૂ.1000ની કિંમતનો માલ રોકડેથી વેચે છે : ત્યારે રોકડ ખાતે ઉ 1000 અને વેચાણ ખાતે જમા 1000 થાય છે.

આમ દરેક વ્યવહારની એક સાથે બે અસર થાય છે. જેને દ્વિનોંધ કહે છે. આ પદ્ધતિ માટે કહી શકાય કે "દરેક ઉધાર અસર ની,તેટલી જ જમા અસર હોય છે". તેથી, એમ કહી શકીએ કે દરેક ઉધારને અનુરૂપ જમા અસર હોવી જોઈએ તેનાથી ઉલટુ દરેક જમા ને અનુરૂપ ઉધાર અસર હોવી જોઈએ . આધુનિક હિસાબી રાખવાની આ એકમાત્ર સિસ્ટમ છે, જેમાં વર્ષને અંતે જેટલી રકમની ઉધાર બાકીઓ હોય તેટલી જ રકમની જમા બાકીઓ હોયછે.તેથી જ સરવૈયાના બંન્ને બાજુના સરવાળા સરખા થાય છે. અર્થાત જેટલી મૂડી અને જવાબદારી હોય તેટલી જ મિલકતો પણ હાય છે.જેના પરથી નીચે મૂજબના સૂત્રો મળી રહે છે.

કુલ મિલકતો = કુલ જવાબદારીઓ
કુલ મિલકતો = મૂડી + બહારના લોકોની જવાબદારીઓ
મૂડી = કુલ મિલકતો - બહારના લોકોની જવાબદારીઓ.

Prof. Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

**7. ઉપાર્જિતતાનો ખ્યાલ(Accrual Concept):**આ ખ્યાલ મુજબ વેપારી પદ્ધતિ મુજબ હિસાબો લખાતા હોય ત્યારે આવક તે જ્યારે મળે તે વર્ષની નહીં પરંતુ જે વર્ષના સમયગાળામાં તે કમાયેલ હોય તે વર્ષની ગણાય છે. તેવી જ રીતે, ખર્ચ જ્યારે ચૂકવાય તે વર્ષનો નહિં પરંતુ જે વર્ષના સમયગાળા માટે તે ખર્ચ કરવામાં આવ્યો હોય તે વર્ષનો ગણાય છે. આ ધારણા ને આવક અને ખર્ચના ઉપાર્જનની ધારણા કહે છે.

દા.ત, હિસાબી વર્ષ 2022-23નો કુલ ખર્ચ ₹.15000 થયો હોય અને તે પૈકી ₹.10000 જ 31-03-2023 સુધી ચૂકવેલા હોય અને ₹.5000 બીજા વર્ષે 10-04-2023માં ચૂકવાયેલ હોય તો પણ વર્ષ 2022-23ના હિસાબોમાં ચૂકવેલા 10000+ ચૂકવવાના બાકી 5000 મળી ને કુલ 15000 ખર્ચ તરિકે નોંધાય છે.તેવી જ રીતે વર્ષ 2022-23ના ઉધાર વેચાણના નાણા 50000 વર્ષ 2023-24માં મળે તો પણ ઉપાર્જનના નિયમ મુજબ તે 2022-23માં જ વેચાણ તરીકે નોંધાય છે.તેવી જ રીતે વર્ષ 2022-23માં 15000 એડવાન્સમાં વેચાણના નાણાં મળે અને ખરેખર માલ 2023-24માં પૂરો પાડેલ હોય તો તે વર્ષ 2023-24માં વેચાણ તરીકે નોંધાય છે.

પરંતુ જે વ્યવસાયોમાં રોકડના ધોરણે હિસાબો લખવામાં આવતા હોય ત્યાં આવક અને ખર્ચને જ્યારે તે ખરેખર પ્રાપ્ત થાય અથવા ચૂકવવામાં આવે તે વર્ષના ગણીને નોંધાય છે. વ્યક્તિગત વ્યવસાયિકો જેવા કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વકીલ, ડોક્ટર વગેરે રોકડના ધોરણે હિસાબો રાખતા હોય છે.

Prof. Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

**8.આવક સંપાદનનો ખ્યાલ (Realization Concept/“revenue recognition concept”)** - આ ખ્યાલ મુજબ જે તારીખે માલ અને સેવાઓ ગ્રાહકોને ટ્રાન્સફર કરવામાં આવે છે તે દિવસે જ વ્યવહાર થયોલો ગણાય છે.દા.ત, ₹.10000ના માલ વેચાણનો કરાર તા.1-03-2023ના રોજ થયો હોય પરંતુ ખરેખર માલ 15-04-2023ના રોજ પુરો પાડવામાં આવે ત્યારે આ ખ્યાલ મુજબ વેચાણ તરીકે તા.15-04-2023ના રોજ નોંધાય છે.આમ આ ખ્યાલ મુજબ કરાર કરવાથી કે વચન આપવાથી નહિં પરંતુ ખરેખર માલ કે સેવા ખરેખર પુરા પાડવાથી જ વેચાણની આવકનું સંપાદન થયેલું ગણાય છે.

**9.મેળવણીનો સિદ્ધાંત(Matching Concept)-** આ ખ્યાલ મુજબ ચોક્કસ હિસાબી સમયગાળા દરમિયાન થયેલા ખર્ચની તે જ સમયગાળા દરમિયાન મળેલ માન્ય આવક સાથે મેચ (મેળવણી) કરવી જરૂરી છે. જેના થી નફો કે નુકસાન નક્કી કરી શકાય છે.નફો એ ખર્ચ કરતાં આવકનો વધારો દર્શાવતો હોવાથી, ચોક્કસ સમયગાળાને લગતી તમામ આવક અને ખર્ચને એકસાથે સરખાવવા જરૂરી બને છે.બીજા શબ્દોમાં કહીએ તો, એક હિસાબી વર્ષમાં થયેલા ખર્ચા તે વર્ષની માન્ય આવક સાથે મેળ ખાતા હોવા જોઈએ. તે સમયગાળા દરમિયાન નફાની રકમ મેળવવા માટે તે વર્ષની આવકમાંથી માત્ર તે વર્ષના ખર્ચાઓ જ બાદ કરવા જોઈએ. હિસાબોનો હેતુ એ છે કે હિસાબી રેકોર્ડ એવી રીતે રાખવામાં આવે કે ચોક્કસ વર્ષના ખર્ચની તે વર્ષની આવક સાથે સરખામણી કરી શકાય. જો હિસાબી પદ્ધતિ આવી સરખામણીને સરળ બનાવતી નથી, તો તે હિસાબી પદ્ધતિને સંતોષકારક ગણવામાં આવતી નથી. આવક માટે રોકડની રસીદ કે ખર્ચ માટે રોકડની ચુકવણી જરૂરી નથી. ચોક્કસ વર્ષની આવક અને ખર્ચની મેળવણી વખતે મળવાની બાકી આવક કે અગાઉથી મળેલ આવકના હવાલા કરવા જરૂરી બને છે.તેવી જ રીતે ચૂકવવાના બાકી ખર્ચા અને અગાઉથી ચૂકવેલ ખર્ચના હવાલા કરવા પણ જરૂરી બને છે.

Prof.Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

**10.પુરાવાની હેતુલક્ષીતાનો ખ્યાલ(Objectivity of evidence Concept)-** આ ખ્યાલ સૂચવે છે કે તમામ હિસાબી વ્યવહારોના સમર્થનમાં દસ્તાવેજી પૂરાવા જેવા કે ઇન્વૉઇસ, વાઉચર્સ કે બીલો વગેરે હોવા જોઈએ.આવા પૂરાવા હોય તો જ તેને હિસાબોમાં નોંધવા જોઇએ.

આર્થિક વ્યવહારોને સાબિત કરતા પુરાવાનો ઉદ્દેશ્ય એવો હોવા જોઇએ કે તે એકાઉન્ટન્ટ અથવા અન્ય વ્યક્તિના પક્ષપાતથી મુક્ત હોય. આવા સહાયક દસ્તાવેજો હિસાબી એન્ટ્રી અને ઓડિટના હેતુ માટે આધાર બને છે. દસ્તાવેજી પુરાવા પર આધારિત હિસાબી રેકોર્ડ સહેલાઈથી અને ઉદ્દેશ્યપૂર્વક ચકાસી શકાય છે અને તેથી સાર્વત્રિક રીતે સ્વીકાર્ય છે.

**11.રૂઢિચુસ્તતા કે દૂરદર્શિતાનો ખ્યાલ(Conservatism or Prudence Concept)-**આ ખ્યાલ મુજબ ખરેખર હોય તેના કરતા જુદી નફા કે નુકસાન કે મિલકતો અને દેવાની પરિસ્થિતિ હિસાબોમાં દર્શાવવા યોગ્ય નથી.અર્થાત ખરેખર હોય તેના કરતા વધુ સારી નફા કે નુકસાન કે મિલકતો અને દેવાની પરિસ્થિતિ હિસાબોમાં દર્શાવવા યોગ્ય નથી તેવી જ રીતે ખરેખર હોય તેના કરતા વધુ ખરાબ પરિણામો હિસાબોમાં દર્શાવીને ગુપ્ત અનામત ઉભું કરવું પણ યોગ્ય નથી.

રૂઢિચુસ્તતાને આધારે શાણપણ કે ડહાપણ ભરી રીતે માહિતી રજૂ કરવાથી નાણાકીય પત્રકોની વિશ્વસનિયતા વધે છે.લાંબાગાળે હિતધરાવનાર બધા પક્ષોનું હિત જળવાય છે. આ ખ્યાલ મુજબ હિસાબોમાં સંભવિત કે અપેક્ષિત આવક ધ્યાનમાં લેવાશે નહિ પરંતુ સંભવિત કે અપેક્ષિત નુકસાન અંગે હિસાબોમાં જોગવાઇ કરાશે. દા.ત, આ ખ્યાલ મુજબ આખર સ્ટોક તેની ખરેખર કિંમત કે બજાર કિંમત પૈકી જે ઓછી હોય તે જ કિંમતે દર્શાવાય છે. તેવી જ રીતે શંકાસ્પદ દેવાદારો અંગે ઘાલખાધ અનામતની જોગવાઇ કરવામાં આવે છે. તેવી જ રીતે રોકાણોની બજાર કિંમત ઘટીગઇ હોય તો રોકાણ ભાવવધ-ઘટ અનામત ઉભું કરવામાં આવે છે.લેણદાર વટાવ અનમાત કે દેવાદાર વટાવ અનામતની જોગવાઇ પણ આ ખ્યાલ મુજબ જ કરવામાં આવે છે.

Prof. Dharmendra A. Patel, Shri N. P. Patel Commerce College, Ahmedabad

**12.એકસૂત્રતા સુસંગતતાનો ખ્યાલ (Consistency Concept)**-આ ખ્યાલ એવું સૂચન કરે છે કે નાણાકીય પત્રકો તૈયાર કરતી વખતે દર વર્ષે એક સમાન નીતિઓ, વિધિઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઇએ જેથી દર વર્ષે તૈયાર કરેલા હિસાબોમાં સમાનતા કે એકસૂત્રતા જાળવી શકાય.અર્થાત હિસાબો અંગેની પેઢીએ કોઇ એક નીતિ, વિધિ અને પદ્ધતિ અપનાવ્યા પછી કોઇ સબળ કારણો વગર સામાન્ય સંજોગોમાં તે બદલવી જોઇએ નહિ. જો આવી એકસૂત્રતા ન જળવાય તો હિસાબો સરખામણી પાત્ર રહેતા નથી અને ગેરમાર્ગે દોરે છે.

આ ખ્યાલ મુજબ સ્ટોકના મુલ્યાંકનની પદ્ધતિ FIFO કે LIFO એકવાર અપનાવ્યા પછી બદલવી જોઇએ નહિં. તેવી જ રીતે ઘસારો ગણવાની પદ્ધતિ પણ લાંબા સમય સુધી એક સરખી અપનાવવી જોઇએ. કોઇ એક વર્ષે સીધી લીટીની રીતે અને બીજા વર્ષે ઘટતીજતી બાકીની રીતે ઘસારો ગણવામાં આવે તો એકસૂત્રતા જળવાતી નથી.

**13.મહત્વલક્ષીતાનો ખ્યાલ- (Materiality Contention)**- મહત્વલક્ષીતાનો ખ્યાલ જણાવે છે કે, નાણાકીય પત્રકોને અર્થપૂર્ણ બનાવવા માટે, માત્ર મહત્વની હકીકતો જ હિસાબોમાં વિગતે રજૂ કરવી જોઇએ.એટલે કે જે માહિતી બિન મહત્વની કે ગૌણ બાબત હોત તેવી માહિતી હિસાબોમાં વિગતે દર્શાવવાની જરૂર હોતી નથી. નાણાકીય પત્રકોનો  ઉપયોગકર્તાઓને મહત્વપૂર્ણ અને સંબંધિત હોય તેવી માહિતી પૂરી પાડવી જોઈએ એ જેથી હિસાબી માહિતી અર્થપૂર્ણ બને. અહીં પ્રશ્ન ઉભો થાય છે કે મહત્વની માહિતી કે હકીકત શું છે? કોઇ પણ હિસાબી માહિતી મહત્વની છે કે ગૌણ તે  તેની પ્રકૃતિ અને તેની રકમ પર આધાર રાખે છે. મહત્વની માહિતીનો અર્થ છે કે જે માહિતી તેના ઉપયોકર્તાને નિર્ણય લેવામાં મદદરૂપ થઇ શકે.

દા.ત, ધંધામાં ખૂબ જ મહત્વની મિલકતો જેવી કે જમીન, મકાન, યંત્રો વગેરેના અલગ અલગ ખાતા રાખવામાં આવે છે.તેવી જ રીતે ઉત્પાદન કે વેચાણ માટેના મૂખ્ય સ્ટેકનું વિગતવાર પત્રક રાખવામાં આવે છે. પરંતુ ગૌણ બાબતો જેવી કે પાનું, પક્કડ, સ્ક્રૂ, હથોડી વગેરે છુટા ઓજારો તરીકે એક જ ખાતામાં દર્શાવાય છે દરેકના અલગ અલગ ખાતા ખોલવામાં આવતા નથી. તેવી જ રીતે ટાંકણી, પીનો, પેન, પેન્સિલ વગરે સ્ટેશનરી તરીકે એક સાથે દર્શાવાય છે અને નફા-નુકસાન ખાતે ઉધારાય છે.

Prof.Dharmendra A Patel, Shree N F Patel Commerce College Ahmedabad

**14.પૂર્ણ રજૂઆતનો ખ્યાલ (Full Disclosure Concept)-** પૂર્ણ રજૂઆતનો ખ્યાલ સૂચવે છે કે નાણાકીય પત્રકોમાં સંબંધિત તમામ માહિતી અને સંબંધિત તથ્યો સંપૂર્ણ રીતે જાહેર કરવામાં આવેછે. સંપૂર્ણ રજૂઆતનો અર્થ એ છે કે હિસાબોમાં માહિતીની સંપૂર્ણ, ન્યાયી અને પર્યાપ્ત રજૂઆત કરેલી હોવી જોઈએ. પર્યાપ્ત એટલે જાહેર કરવા માટે પૂરતી માહિતીનો સમૂહ. આમ આ ખ્યાલ સંપૂર્ણ માહિતીની પૂર્ણ અને વિગતવાર રજૂઆતનો સંદર્ભ આપે છે.

નાણાકીય પત્રકો તમામ હિતધારકો જેવા કે રોકાણકારો, ધિરાણકર્તાઓ, લેણદારો, શેરહોલ્ડરો વગેરેને નાણાકીય માહિતીનુ પ્રદાન કરે છે. શેરહોલ્ડરો પેઢીની નફાકારકતા જાણવા માંગે છે જ્યારે લેણદાર ધંધાની સધ્ધરતા જાણવા માંગે છે. તેવી જ રીતે, અન્ય પક્ષકરોને તેમની જરૂરિયાતો અનુસાર નાણાકીય માહિતી જાણવામાં રસ હોય છે. તેથી જો નાણાકીય પત્રકો બધી જ સંબંધિત હિસાબી માહિતી સંપૂર્ણ, ન્યાયી અને પર્યાપ્ત રીતે રજૂ કરે તો જ આ શક્ય છે.

દા.ત, સંભવિત જવાબદારીની માહિતી, રોકાણોની બજાર કિંમતની માહિતી, સ્ટોકના મૂલ્યાંકનની પદ્ધતિની માહિતી , હિસાબી નીતિઓની માહિતી, બેંકમાં વટાવેલી હૂંડીઓની માહિતી, મિલકતોનું વર્ગીકરણ જેવું કે શરૂની કિંમત, વર્ષ દરમિયાન વધારો કે ઘટાડો, ગણેલ ઘસારો અને તેની પદ્ધતિની માહિતી, શેરની મૂળ કિંમત, સંખ્યા, શેરદીઠ ભરપાઇ રકમ વગેરે જેવી માહિતી પૂર્ણ રજૂઆતના ખ્યાલના સંદર્ભમાં જ આપવામાં આવે છે.

Prof.Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad